| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સમચ ગાળો | વર્ષ : માસ : દિવસ : |

---

**મે. પોરબંદરના બીજા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં મું. પોરબંદર**

---

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ નંબર | ૧૦૭૧/૨૦૨૬ |
| આંક | |

**ફરીયાદીઃ** – **શ્રી સરકાર**

**-- વિરૂદ્ધ --**

**આરોપી** **રાજુ ભીખુભાઇ ચુંડાવદરા ઉ.વ. ૨૫**
**રહે. દેગામ ગામ**
**કંટોલ ફળીયું,તા.જી.પોરબંદર**

**બાબતઃ** **જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી | એસ.બી.પરમાર |
| આરોપી તરફે વિ.વ.શ્રી. | ડી.આર.મોઢવાડીયા |

**--// ઠ રા વ //--**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીએ ગઇ તા. ૨૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૪:૨૦ વાગ્યેના બગવદર ગામ થી ભારવાડા ગામ જતારસ્તે રાંદલ મંદિર ગેટપાસે જાહેર રસ્તા પર આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે પોતાના કબજામાં પેન્ટના નેફામાં એક લાકડાના હાથા વાળી લોખંડની

છરી કિંમત રૂા. ૩૦/– ની રાખી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ પોરબંદરના હથીયાર બંધીના જાહેરનામાંનો ભંગ કરી જાહેરમાંથી મળી આવી ગુનો કરેલ છે. તે મતલબની ફરીયાદ ફરીયાદીએ બગવદર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, પોલીસ દ્વારા તે ફરીયાદ અનુસંધાને ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂદ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ પુરતો પુરાવો મળી આવતાં, હાલના આરોપી સામે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામે આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં, તેમણે ગુન્હો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે, તેમ જણાવતાં, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | **સાહેદ હર્ષ વિનોદભાઇ ભાલળાની જુબાની** | ૦૭ |
| ૨. | **જાહેરનામું** | ૦૮ |
| ૩. | **પંચસાહેદ રામ મુરૂભાઇ પરમારની જુબાની** | ૦૯ |
| ૪. | **અટક પંચનામું** | ૧૦ |
| ૫. | **ફરીયાદી દિલાવરસિંહ કચરાભાઇ કાછેલાની જુબાની** | ૧૩ |
| ૬. | **ફરીયાદ** | ૧૪ |
| ૭. | **તપાસ હુકમ** | ૧૫ |
| ૮. | **પંચસાહેદ અશોક નાગાભાઇ વાઘેલાની જુબાની** | ૧૭ |

(૪) આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાક્ષી તપાસ્યા બાદ અને મૂળ ફરીયાદી તરફે વધુ પુરાવો રજૂ કરવા માંગતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતી થી પુરાવો પૂરો થયાનું જણાવેલ છે, તે સંજોગો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપી સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં, આરોપીએ તેમની વિરૂદ્ધ પડેલ પુરાવાઓનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ છે અને તેઓ સામે હાલનો ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

(૬) ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.પરમાર તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એસ.એલ.ઓડેદરાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

--// **<u>મુ દ્દા</u>** //--

| | |
|---|---|
| **(૧)** | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા. ૨૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૪:૨૦ વાગ્યેના બગવદર ગામ થી ભારવાડા ગામ જતા રસ્તે રાંદલ મંદિર ગેટ પાસે જાહેર રસ્તા પર આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે પોતાના કબજામાં પેન્ટના નેફામાં એક લાકડાના હાથા વાળી લોખંડની છરી કિંમત રૂા. ૩૦/– ની રાખી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ પોરબંદરના હથીયાર બંધીના જાહેરનામાંનો ભંગ કરી જાહેરમાંથી મળી આવી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?** |
| **(૨)** | **શુ હુકમ** |

(૭.૧)ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં** |
| **(૨)** | **આખરી હુકમ મુજબ** |

**--// કા ર ણો //--**

(૮) આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાને વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો,

**<u>પંચસાહેદનો પુરાવો :–</u>**

(૮.૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૦૯ થી પંચસાહેદ રામ મુરૂભાઇ પરમારને તેમજ આંક–૧૭ થી બીજા પંચસાહેદ અશોક નાગાભાઇ વાઘેલા એવો પુરાવો આપે છે કે, આજથી આશરે ત્રણેક મહિના પહેલા પોલીસે એક તૈયાર કાગળમાં સહી લીધેલી.તેમને એક પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧/૨ તરીકે સહી છે જે ઓળખી બતાવી આંક–૧૦ થી રજુ રાખેલ છે. એ સિવાય પંચનામાં બાબતે તેઓ કાંઇ જાણતા નથી.આમ સદરહું પંચસાહેદોએ પંચનામાંની હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવા છતાં સદરહું પંચસાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

**<u>સાહેદનો પુરાવો :–</u>**

(૯) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૦૭ થી સાહેદ હર્ષ વિનોદભાઇ ભાલળા એવો પુરાવો આપે છે કે, તેઓ તા.૦૧/૦૪/૨૦૨૬ થી જિલ્લા મેજી.કચેરીમાં હોમ શાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે.ગઇ તા.૧૯/૧૧/ ૨૦૨૫ ના હુકમ ક્રમાંક નં.એમએજી/સી/૩૭(૧)/૧૭૧૧–૧/૨૦૨૫ વાળા હુકમથી અધિક જિલ્લા મેજી.શ્રીએ તેઓને નામ.કોર્ટમાં હાજર રહેવા તથા જાહેરનામાં અંગે કામગીરી કરવા જુબાની આપવા અધિકૃત કરેલ. જેથી આજરોજ તેઓ નામ.કોર્ટમાં જુબાની આપવા માટે હાજર થયેલ છે.ગત તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર નાઓએ જિલ્લા મેજી.શ્રી સમક્ષ ગુજ.અધિ.કલમ–૧૯૫૧ કલમ–૩૭ ની પેટા કલમ–(૧) અન્વયેનું હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલી. જે દરખાસ્ત સંદર્ભે જિલ્લા મેજી.શ્રી પોરબંદર નાઓએ ગત તા.૨૧/૧૧/૨૦૨૫ થી તા.૨૯/૧૨/૨૦૨૫ બંન્ને દિવસો સહિત જાહેરનામાં જણાવેલ ક્રમ નં.૧ થી ૬ મુજબની શરતો અંગેનું હથિયાર બંધી અંગેનું જાહેરનામું કરેલુ. જે જાહેરનામું તેઓની કચેરી દ્વારા વિવિધ સરકારી અને અર્ધ સરકારી કચેરીએ તથા જાહેર માહિતી કચેરી અને પોરબંદર જિલ્લા તથા તાલુકાના તમામ જાહેર તથા સાર્વજનીક સ્થળ પર સદર જાહેરનામાની શરતો જાહેર જનતા માટે પ્રસિધ્ધ કરાવવામાં આવેલ. આ રીતે સદર જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવામાં

આવેલ.તેઓને ઉપરોકત જાહેરનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જે જોઇને જણાવે છે કે જેમાં અધિક જિલ્લા મેજી.શ્રી જે.બી.વદર સાહેબની સહી છે જે ખરી નકલ આંક–૦૮ થી રજુ છે.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,જાહેરનામા ની પ્રસિધ્ધી તેઓએ કરેલ નથી. જાહેરનામુ વર્તમાન પત્રકમાં પ્રસિધ્ધ કરેલ હોય કે ઢંઢેરો પીટેલ હોય તેની તેમને જાતમાહીતી નથી.જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી થયેલ હોય ચોકકસ કહી ના શકે.

**<u>ફરીયાદીનો પુરાવો :–</u>**

(૧૦) ફરીયાદ પક્ષે આંક–૧૩ થી ફરીયાદી દિલાવરસિંહ કચરાભાઈ કાછેલા એવો પુરાવો આપે છે કે, ગઈ તા.૨૧–૧૨–૨૫ અમો પો.કોન્સ. તરીકે બગવદર પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા તે વખતે તેઓ તથા એ.એસ.આઈ એચ.ડી.સીસોદીયાએ રીતેના પો.સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા બગવદરગામ થી ભારવાડાગામ જતા રસ્તે રાંદલ મંદિર ગેટ પર પહોંચતા એક ઈસમ શંકાસ્પદ જોવામાં આવતા જેના ઉપર શંકા જતા મજકુરને જેમનો તેમ રોકી ચેક કરતા તેના પેન્ટના નેફા માથી છરી મળી આવેલ હોય જેથી એચ.પી.મારૂ નાઓએ તુરંત જ બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરુ મજકુરનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ–રાજુ ભીખુભાઈ ચુંડાવદરા ઉ.વ.૨૫ ધંધો–મજુરી રહે,દેગામ ગામ કંટોલ ફળીયુ તા.જી. પોરબંદર મો. ૭૪૮૭૯૧૨૨૯૯ વાળો હોવાનું જણાવેલ બાદ મજકુર પાસેની લાકડાના હાથા વાળી લોખંડની છરી પોતાના કબ્જામાં રાખવા અંગે આધાર પરવાનો માગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ જેથી પંચો રૂબરૂ સદરહુ લાકડાના હાથા વાળી લોખડની છરી હોય જેની લંબાઈ માપી જોતા જેમાં હાથાની ૪.૨ ઈંચ તથા કણાની ૫.૩ ઇચની લંબાઈ હોય તેની કિ.રૂા.૩૦/– ગણી પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ અને મજકુરએ મહે.જી.મેજી.સા પોરબંદર કચેરીના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી મળી આવેલ હોય જે અંગેનુ વિ.વારનું પંચનામું એચ.પી.મારૂએ ક.૧૩/૫૦ થી ૧૪/૨૦ વાગ્યા સુધીનું કરી લઈ પંચનામું પુરૂ થયાના સમયે મજકુર ઈસમને ધોરણસર અટક

કરેલ. સદરહ ગુન્હા અંગે તેઓએ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલી.તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા તેમની સહી છે જે ઓળખી બતાવી અસલ ફરીયાદ આંક-૧૪ થી રજુ છે. સદર ગુન્હો બગવદર પો.સ્ટે ગુર.નં.૭૩૬/૨૫ થી નોધાયેલ જેની આગળની તપાસ પી.એસ.ઓ તરફથી પો.હેડ કોન્સ.એચ.પી.મારૂને મળતા તપાસ સંભાળી લીધેલ જે તપાસ સંભાળ્યા અંગેનો હુકમ આંક-૧૫ થી રજુ છે.તપાસ કરનાર અમલદારે સદર ગુન્હાની તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા તથા આરોપી વીરૂધ્ધ પુરતો પુરાવો હોય ત.ક.અશ્રી નાઓએ નામ કોર્ટમા ચાર્જશીટ કરેલ.

જયારે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,તેમની ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી.સદર ઈસમ પર પ્રથમ નજર કોની પડી તે ફરીયાદમાં જણાવેલ નથી.તેઓ બનાવવાળા સ્થળે કયારે પહોચેલા તે સમય તેમની ફરીયાદમાં જણાવેલ નથી.તેઓ જે વાહન લઈને પેટ્રોલીંગમાં નિકળેલા તેના રજી.નંબર ફરીયાદમાં જણાવેલ નથી.પેટ્રોલીંગમાં જવા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી.બનાવવાની જગ્યા જાહેર જગ્યા છે તથા લોકોની, માણસોની તથા વાહનોની અવર જવર રહે છે.આ કામના પંચોને કેવી રીતે બોલાવેલ તે ફરીયાદમાં જણાવેલ નથી.મુદામાલ છરી મુકત બજારમાં સહેલાઈ થી મળી રહે છે. જાહેરનામાંની બહોળી પ્રસિધ્ધી કરવામાં આવેલ કે કેમ તે તેઓ ન કહી શકે.ચાર્જશીટ જોતા પોલીસ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી.

**<u>પુરાવાકીય મુલ્યાંકન</u> :-**

(૧૧) હાલના કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી ઉપર તા. ૨૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૪:૨૦ વાગ્યેના બગવદર ગામ થી ભારવાડા ગામ જતા રસ્તે રાંદલ મંદિર ગેટ પાસે જાહેર રસ્તા પર આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે પોતાના કબજામાં પેન્ટના નેફામાં એક લાકડાના હાથા વાળી લોખંડની છરી કિંમત રૂા. ૩૦/- ની રાખી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ પોરબંદરના હથીયાર બંધીના જાહેરનામાંનો ભંગ કરી જાહેરમાંથી મળી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. જે અનુસંધાને ફરીયાદ પક્ષ દ્વારા

રજુ કરવામાં આવેલ પુરાવાને આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દા સંદર્ભે મુલવવામાં આવે તો, આરોપી પર જાહેરમાં હથિયાર ધારણ કરીને જાહેરનામાનો ભંગ કરેલ હોવાનો છે તથા ફરીયાદ પક્ષનો આખો કેસ જે પંચનામા પર અધારીત છે તે બંને પંચનામાના પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓએ પોતાની સહિ તૈયાર લખેલા પંચનામામાં કરેલ હોવાનું જણાવે છે કે અનુસંધાને ફરીયાદી તથા સાહેદ એમ જણાવે છે કે પંચનામુ પંચોના જણાવ્યા મુજબનું સ્થળ પર કરવામાં આવેલ તે અનુસંધાને પંચોની જુબાની ધ્યાને લઈએ તો તેઓ એ પોતાની બનાવવાળી જગ્યાએ કરેલ હોય કે તેઓ પોલીસ સાથે સ્થળ પર ગયેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. વધુમાં હાલના કામે તપાસનીશ અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તેઓએ રેડમાં હાજર પોલીસ કર્મીઓના જ નિવેદન લીધેલ છે જ્યારે બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા હોવાનું ફરીયાદી સાહેદ સ્વિકારે છે આમ, બનાવ વાળી જગ્યાએ જાહેર જગ્યા હોવા છતાં પણ કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન હાલના કામે લીધેલ હોય તેવુ બનેલ નથી.

(૧૨) આમ, હાલ ના કામે નજરે જોનાર તથા જેઓના રૂબરુમાં ફરીયાદીએ આરોપીને હથિયાર સહીત પકડેલ છે તેવા સ્વતંત્ર કહિ શકાય તેવા પંચો આ કામે ફરીયાદ પક્ષના તમામ બનાવનો સાફ શબ્દો માં ઈન્કાર કરે છે અને પોતાની રૂબરૂમાં કોઈ કાર્યવાહિ થયેલ હોવાની વાત નો ઈન્કાર કરે છે આમ જ્યારે આરોપી ની અટક જ સાબિત થતી ન હોય આરોપી હથિયાર સાથે જાહેર સ્થળ પરથી મળી આવેલ હોય તેવુ માની શકાય નહિ. અને જ્યારે આરોપી પાસેથી હથીયારની રીકવરીજ સાબીત થતી ન હોય આરોપીએ જાહેરનામાનો ભંગ કરેલ છે તેવુ માની શકાય નહી.

(૧૩) વધુમાં ફોજદારી કેસમાં ફરીયાદ પક્ષેથી પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે એટલે કે વ્યાજબી શંકા થી પર સાબિત કરવાનો હોય છે અને જ્યા સુધી આરોપી વિરુધ્ધ કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને સજા થઈ શકે નહિ અને જ્યારે આરોપીને ગુનો સાથે સાંકળતી તમામ કડીઓ જોડાય નહિ ત્યાં સુધી આરોપી સામે કેસ સાબિત થયેલો ગણી કે માની શકાય નહિ. તેમજ હાલ

ના કામે ફક્ત પોલીસકર્મીના નિવેદન લીધેલ છે જે હિત ધરાવતા સાહેદો છે જેઓની જુબાનીને અન્ય કોઈ તટસ્થ રીતે સમર્થન મળતુ ન હોય જેઓની જુબાની ના આધારે આરોપીને સજા થઈ શકે નહી કે આરોપી સામેનો કેસ સાબીત થયેલો ગણી કે માની શકાય નહિ અને હાલના કામે પંચો પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી જે જોતા સમગ્ર પંચનામુ પણ શંકાસ્પદ બની જાય છે અને જ્યારે જ્યારે આવી શંકા ઉપસ્થીત થતી હોય તેનો લાભ આરોપીને મળવો જ જોઈએ.

(૧૪) આમ, હાલના કામે ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ આરોપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો પૈકી ના એક પણ તત્વ કોઈ પણ રીતે સાબિત કરી શકેલ નથી. આમ, ઉપરોક્ત પુરવો, હકિકતો અને સંજોગો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**- :: <u>હુકમ</u> ::-**

**૧.** આ કામે આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) હેઠળ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ (એ) આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

**૩.** અપીલ સમય બાદ મુદ્દામાલ હથીયારનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે .

હુકમ આજ રોજ **તા.૦૧ માહે મે સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તા.૦૧.૦૫.૨૦૨૬**
**પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**જજ કોડ નં. જીજે-૦૧૧૩૦**